# કેન્સર : પ્રશ્નો પાછળની હકીકત અને સારવારની ઊંડાણપૂર્વક સમજ



કેન્સરથી મોટી જિંદગી
ડો. કૌશલ પટેલ

કેન્સરનું નિદાન થવું એ માત્ર એક મેડિકલ ઘટના નથી, તે દર્દી અને તેના પરિવાર માટે માનસિક, શારીરિક અને સામાજિક રીતે એક મોટો ફેરફાર લાવે છે. પ્રથમ દિવસથી જ અનેક પ્રશ્નો ઊભા થાય છે. આ પ્રશ્નો માત્ર જિજ્ઞાસા માટે નથી પરંતુ તેમાં ભવિષ્યની ચિંતા, જીવનની ગુણવત્તા અને નિર્ણય લેવાની મુશ્કેલી છુપાયેલી હોય છે. સાચી સમજણ વગર લીધેલા નિર્ણય ઘણી વાર સારવારમાં વિલંબ કરે છે, જ્યારે યોગ્ય દિશા દર્દીને લાંબું અને ગુણવત્તાપૂર્ણ જીવન આપી શકે છે.

## કેન્સરનું નિદાન થયા પછી સૌથી પહેલો પ્રશ્ન હોય છે : હવે આગળ શું?...

આ તબકકે સૌથી મોટું કામ ‘ઝડપી નિર્ણય’ નહીં પરંતુ ‘સાચો નિર્ણય’ છે. પ્રથમ તબકકામાં બાયોપ્સી દ્વારા નિદાનની પુષ્ટિ, ત્યાર બાદ કેન્સરનો પ્રકાર (Histology). તેનું સ્ટેજીંગ (કેટલું ફેલાયું છે) અને બાયોલોજી (Aggressiveness, Mutation Status) જરૂરી છે. ઘણા આવીને તરત જ સારવાર શરૂ કરવા ઈચ્છે છે અથવા બીજી તરફ ઘણા લોકો અનેક સલાહ લેતા રહે છે અને નિર્ણય મોડો કરે છે. બંને પરિસ્થિતિમાં સંતુલન જરૂરી છે - વિલંબ પણ નહીં અને ઉતાવળ પણ નહીં.

## એક મોટો ખાડો : જે પ્રશ્નો પૂછાતા નથી...

ઘણી માહિતી હોવા છતાં દર્દીઓ ઘણી વાર સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્નો પૂછતા નથી :

- શું મારું નિદાન યોગ્ય ટેસ્ટ દ્વારા કન્ફર્મ થયું છે?
- શું સારવાર શરૂ કરતા પહેલાં વધુ તપાસોની જરૂર છે?
- શું મારી સારવાર મારી કેન્સરની બાયોલોજી મુજબ છે?
- શું હું ઘણા મત (Opinions) લઈ રહ્યો છું અને સમય ગુમાવી રહ્યો છું?

કેન્સર એક એવી બીમારી છે જેમાં પ્રગતિ નિર્ણયની રાહ જોતી નથી. ગૂંચવણ અને વિલંબ - બંને સારવારનાં પરિણામ પર સીધી અસર કરે છે. દર્દીઓમાં એક ખૂબ જ સામાન્ય અને ભાવનાત્મક પ્રશ્ન છે : શું હું કેન્સર સાથે સામાન્ય જીવન જીવી શકું?

આ પ્રકારનો જવાબ હવે પહેલાં કરતાં ઘણો બદલાઈ ગયો છે. આજના સમયમાં કેન્સર ઘણી સ્થિતિઓમાં ‘ચિરકાલીન રોગ (Chronic Disease)’ તરીકે મેનેજ થઈ શકે છે. ઘણા દર્દીઓ સારવાર દરમિયાન પણ તેમના દૈનિક જીવન, વ્યવસાય અને પરિવાર સાથે જોડાયેલા રહે છે. શરૂઆતના થોડા મહિના મુશ્કેલ હોય શકે પરંતુ યોગ્ય માર્ગદર્શનથી જીવન ફરીથી સંતુલિત થઈ શકે છે.

## વધુ એક ગંભીર પ્રશ્ન છે : સ્ટેજ-૪ કેન્સર એટલે અંતિમ અવસ્થા?...

સ્ટેજ-૪ નો અર્થ એ છે કે કેન્સર શરીરના અન્ય ભાગોમાં ફેલાયું છે પરંતુ આનો અર્થ ‘અંતિમ સમય’ નથી. આજના સમયમાં ટાર્ગેટેડ થેરાપી, ઈમ્યુનોથેરાપી અને આધુનિક કીમોથેરાપી દ્વારા ઘણા દર્દીઓ વર્ષો સુધી જીવતા રહે છે. ઘણી વાર કેન્સરને નિયંત્રિત કરીને લાંબા સમય સુધી સારું જીવન જીવવું શકય બને છે.

## ઘણા દર્દીઓ પૂછે છે : કેન્સર મગજમાં ફેલાય તો શું થાય?...

મગજમાં ફેલાવો ગંભીર હોય છે પરંતુ આજકાલ સારવારમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. સ્ટેરિયોટેક્ટિક રેડીએશન, સર્જરી અને સિસ્ટમિક થેરાપી સાથે દર્દીને સારી રીતે મેનેજ કરી શકાય છે. અહીં મહત્ત્વપૂર્ણ છે : યોગ્ય અને સમયસર નિર્ણય. એક પ્રશ્ન જે ઘણી વાર બહાર નથી આવતો : હું ખુશ કેવી રીતે રહી શકું? કેન્સર પછીનું જીવન અલગ હોય છે પરંતુ તેમાં ખુશી ન હોઈ શકે એવું નથી. માનસિક સ્વીકાર, પરિવારનો સહકાર અને ડૉક્ટર પર વિશ્વાસ દર્દીને અંદરથી મજબૂત બનાવે છે. ઘણી વાર દર્દીઓ કહે છે કે કેન્સર પછી તેઓ જીવનને વધુ અર્થપૂર્ણ રીતે જીવતા થયા.

## કેન્સર ટેસ્ટ : સૌથી વધુ ગૂંચવણ અને તેની સ્પષ્ટ સમજ...

ઘણા દર્દીઓ માટે સૌથી મોટો પ્રશ્ન છે : કયા ટેસ્ટ કરાવવા?

CT Scan

CT Scan શરીરનાં અંગોની રચના (Structure) બતાવે છે. તે ટ્યુમરનું કદ, સ્થાન અને ફેલાવાનો અંદાજ આપે છે. લંગ, લિવર અને એબ્ડોમિનલ કેન્સરમાં તેનો મુખ્ય ઉપયોગ થાય છે. Contrast આપવાથી વધુ સ્પષ્ટતા મળે છે.

MRI

MRI સોફ્ટ ટિસ્યુ માટે વધુ વિગતવાર છે. મગજ, સ્પાઈન અને પેલ્વિક કેન્સરમાં તેનું મહત્ત્વ ખૂબ છે. તે ટ્યુમર અને આસપાસની નર્વ તથા ટિસ્યુ વચ્ચેનો તફાવત ખૂબ સ્પષ્ટ રીતે બતાવે છે.

PET-CT

PET-CT કેન્સરની ‘એક્ટિવીટી’ બતાવે છે. શરીરમાં ક્યાં ક્યાં સક્રિય કેન્સર છે તે જાણવા માટે ઉપયોગી છે. ખાસ કરીને સ્ટેજીંગ અને ટ્રીટમેન્ટ રિસ્પોન્સ માટે.

**મુખ્ય સમજ :** આ ત્રણેય ટેસ્ટ અલગ કામ કરે છે. - કોઈ એક ‘સૌથી બેસ્ટ’ નથી.

## બ્લડ ટેસ્ટ અને ટ્યુમર માર્કર...

બ્લડ ટેસ્ટ (NFS/CBC) શરીરની સામાન્ય સ્થિતિ બતાવે છે પરંતુ કેન્સર કન્ફર્મ નથી કરતું. ટ્યુમર માર્કર સારવારની અસર અને રિકરન્સ માટે ઉપયોગી છે, નિદાન માટે નહીં.

## જિનેટીક ટેસ્ટ અને NGS : આધુનિક સારવારનો આધાર...

આજની કેન્સર સારવાર ‘One size fits all’ નથી. જિનેટીક ટેસ્ટ દ્વારા કેન્સરના મ્યુટેશન ઓળખી શકાય છે, જેના આધારે ટાર્ગેટેડ થેરાપી આપવામાં આવે છે. NGS (Next Generation Sequencing) એક અદ્યતન પેનલ છે જે એક સાથે ઘણા જનીનો તપાસે છે. તે ખાસ કરીને એડવાન્સ કેન્સરમાં ઉપયોગી છે. પરંતુ દરેક દર્દી માટે જરૂરી નથી - યોગ્ય સમય અને યોગ્ય દર્દી મહત્ત્વપૂર્ણ છે.

## એક ખૂબ જ પ્રેક્ટિકલ પ્રશ્ન છે : સારવાર શરૂ થવામાં કેટલો સમય લાગે?...

સામાન્ય રીતે નિદાન પછી જરૂરી તપાસ પૂર્ણ કરીને થોડા દિવસોથી બે અઠવાડિયાંમાં સારવાર શરૂ થઈ જવી જોઈએ. અનાવશ્યક વિલંબ કેન્સરને આગળ વધવા માટે તક આપે છે. કેન્સર પછીના જીવન વિશે પણ મહત્ત્વપૂર્ણ પ્રશ્ન થાય છે. ‘નવું નોર્મલ શું છે?’ ‘જીવન પાછું કેવી રીતે મેળવવું?’

હકીકતમાં જીવન ‘પાછું’ નહીં, પરંતુ ‘નવું’ બને છે. ઘણા દર્દીઓ વધુ સજાગ અને સંતુલિત જીવન જીવતા થાય.

## અંતિમ સમજણ...

કેન્સર સાથે જીવવું માત્ર દવાઓ લેવાનું નામ નથી. તે એક સમગ્ર પ્રક્રિયા છે જેમાં શરીર, મન અને જીવનશૈલી-ત્રણેયનું સંતુલિત પરિવર્તન સામેલ હોય છે. સારવાર માત્ર હોસ્પિટલમાં થતી નથી, તે દર્દીના દૈનિક જીવનમાં પણ ચાલુ રહે છે. ક્યારે ખાવું, શું ખાવું, કેટલું કામ કરવું, કેટલો આરામ લેવો, કઈ રીતે માનસિક રીતે સ્થિર રહેવું- આ બધું સારવારનો જ ભાગ બની જાય છે.

ઘણા દર્દીઓ શરૂઆતમાં એવું માને છે કે ટ્રીટમેન્ટ પૂરી થઈ એટલે બધું પૂરું થઈ ગયું, પરંતુ હકીકતમાં કેન્સર પછીનું જીવન એક નવી દિશામાં આગળ વધે છે. જૂનું જીવન પાછું મેળવવું એ લક્ષ્ય ન હોય પરંતુ નવું, વધુ સંતુલિત અને સમજદારીપૂર્વકનું જીવન બનાવવું એ મહત્ત્વપૂર્ણ બને છે. આ નવી વ્યવસ્થામાં નિયમિત ફોલો-અપ, શરીરના નાના સંકેતો પ્રત્યે સજાગતા અને જીવનશૈલીમાં સકારાત્મક ફેરફારો ખૂબ મહત્ત્વ ધરાવે છે. આ સમગ્ર પ્રક્રિયામાં ચાર આધારસ્તંભ છે : યોગ્ય નિદાન, યોગ્ય ટેસ્ટ, યોગ્ય સમય અને યોગ્ય માર્ગદર્શન. યોગ્ય નિદાન વગર શરૂ કરેલી સારવાર ખોટી દિશામાં જઈ શકે છે. યોગ્ય ટેસ્ટ વગર કેન્સરની સાચી સ્થિતિ સમજાઈ શકતી નથી. યોગ્ય સમય એટલે વિલંબ વગર અને ઉતાવળ વગર લેવાયેલો નિર્ણય અને યોગ્ય માર્ગદર્શન એટલે એક અનુભવી મેડિકલ ઓન્કોલોજીસ્ટ દ્વારા સંપૂર્ણ સારવાર યોજના. આ ચારેય બાબતો એકબીજા સાથે જોડાયેલી છે. એકમાં પણ ખામી હોય તો સમગ્ર સારવાર પર અસર પડે છે.

**કેન્સરમાં સૌથી મોટી સમસ્યા હંમેશાં બીમારી પોતે નથી હોતી- ઘણી વાર તે ગૂંચવણ, ભય અને વિલંબ હોય છે. ઘણી માહિતી, અનેક સલાહો અને અડધી સમજણ દર્દીને સાચી દિશાથી દૂર લઈ જાય છે. કેટલાક દર્દીઓ ઉતાવળમાં ખોટો નિર્ણય લે છે, જયારે કેટલાક વધુ વિચારવામાં સમય ગુમાવી દે છે**

## અંતિમ સંદેશ...

કેન્સરમાં સૌથી મોટી સમસ્યા હંમેશાં બીમારી પોતે નથી હોતી- ઘણી વાર તે ગૂંચવણ, ભય અને વિલંબ હોય છે. ઘણી માહિતી, અનેક સલાહો અને અડધી સમજણ દર્દીને સાચી દિશાથી દૂર લઈ જાય છે. કેટલાક દર્દીઓ ઉતાવળમાં ખોટો નિર્ણય લે છે, જ્યારે કેટલાક વધુ વિચારવામાં સમય ગુમાવી દે છે.

હકીકતમાં કેન્સર સારવારમાં સૌથી મોટી શક્તિ કોઈ દવા નથી - પરંતુ સ્પષ્ટતા (Clarity) છે. જ્યારે દર્દી અને ડૉક્ટર બંને એક જ દિશામાં, સંપૂર્ણ સમજણ સાથે આગળ વધે છે, ત્યારે સારવાર વધુ અસરકારક બને છે.

યોગ્ય નિર્ણય હંમેશાં ઝડપી હોવો જરૂરી નથી પરંતુ તે સમયસર હોવો ખૂબ જરૂરી છે કારણ કે કેન્સર એક એવી સ્થિતિ છે જેમાં દરેક દિવસનું મહત્ત્વ છે.


વિલંબ ક્યારેક રોગને આગળ વધવા માટે તક આપે છે, જ્યારે સમયસર લેવાયેલો નિર્ણય જીવનને નવી તક આપે.

અંતે કેન્સર સામેની લડાઈમાં સૌથી મોટું હથિયાર છે - જ્ઞાન, વિશ્વાસ અને સમયસર લેવાયેલો યોગ્ય નિર્ણય અને એ જ કારણ છે કે - સમય બચાવવો એટલે જીવન બચાવવું.

**ડિસ્કલેમર :** આ લેખમાં આપવામાં આવેલી માહિતી માત્ર માહિતીના હેતુઓ માટે છે અને તેને તબીબી સલાહ તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં. વ્યક્તિગત માર્ગદર્શન અને સારવારના વિકલ્પો માટે કૃપા કરીને કવોલિફાઈડ હેલ્થકેર પ્રોફેશનલનો સંપર્ક કરો.

# મહિને ચાર લાખ રૂપિયાની નોકરી માટે ના પાડી દેવાય?




અબીલ ગુલાલ
જયવંત પંડયા

નોકરી મળવી એ પહેલાં પણ સદ્ભાગ્યની વાત ગણાતી હતી, આજે પણ ગણાય છે. સારા-સારા ગ્રેજ્યુએટ, ઉચ્ચ ડિગ્રીવાળા નવરા આંટાફેરા મારે છે, પણ તેમને નોકરી નથી મળતી. નોકરી મળવી એ સદ્ભાગ્ય છે, પરંતુ એમાંય, ઊંચા પગારવાળી નોકરી મળવી એ તો અતિશય ભાગ્યની જ વાત ગણાય ને.

આ રીતે લક્ષ્મીજી સામેથી ચાંદલો કરવા આવ્યા હોય ત્યારે મોઢું ધોવા જવાય? પરંતુ બે યુવાનો મોઢું ધોવા ન ગયા, પણ તેમણે લક્ષ્મીજીને જ ના પાડી દીધી કે હમણાં નહીં ! આ બે પૈકી પહેલો કિસ્સો જોઈએ.

વનેશ માળી નામના એક યુવાનને પૂણેમાં એક સિનિયર પદ માટે રૂ. ૪૭ લાખના વાર્ષિક પેકેજની નોકરી મળી હતી. પરંતુ તેણે નકારી કાઢી. વનેશ માળીનું કહેવું છ કે કંપની અને પગાર બંને ભવ્ય છે, પરંતુ તેને એવું લાગે છે કે આ પદ માટે જરૂરી કૌશલ્ય હજુ તેની પાસે નથી. તેનું કહેવું છે કે પદની સાથે જવાબદારી પણ આવે છે. અપેક્ષા પણ વધી જાય છે અને જેટલું ઊંચું પદ, કંપનીને તેની પાસેથી તેટલી જ વધુ અપેક્ષા. આવામાં શીખવાનો સમય ઓછો મળે છે. જો પોતે પર્ફોર્મ ન કરી શક્યો તો પોતાના અને કંપની બંને માટે જોખમ.

આ અંગે સૉશિયલ મીડિયા પર લોકોના પ્રતિભાવો બે પ્રકારના હતા. એકમાં લોકોએ તેની પ્રમાણિકતાની પ્રશંસા કરી અને બીજામાં લોકોએ કહ્યું કે મોટા ભાગના લોકો આવી તક નથી છોડતા. વિકાસ માટે જોખમ તો લેવું પડે. નવી જવાબદારીઓથી જ શીખવાનું મળે છે.

વિચાર કરો, ૪૭ લાખનું વાર્ષિક પેકેજ. એટલે મહિને ઑલમૉસ્ટ ચાર લાખ રૂપિયા થયા! આવો મોટો પગાર અને તે પણ મોટી કંપનીમાં. કોણ ના પાડે? એવા દાખલા પણ જોવા મળે છે કે જ્યારે વ્યક્તિ ઈન્ટરવ્યૂ આપે ત્યારે ઈન્ટરવ્યૂ લેનાર ઉપરી અધિકારી જે કંઈ પૂછે તેનો હામાં ઉત્તર આપે. ‘આ કામ આવડે છે?’ ‘હા.’ ‘પેલું કામ કરી શકશો?’ ‘હા.’‘ફલાણું કામ શીખી જશો?’ ‘હા.’ આ રીતે નોકરીમાં જોડાઈ જનારા હોય છે અને પછી કામ ન ફાવે ત્યારે હાથ ઊંચા કરી દે. કંપની પાસે તેમને નભાવવા સિવાય કોઈ વિકલ્પ હોતો નથી.

બીજું એ પણ ખરું કે વનેશ માળી અતિ પ્રમાણિક છે તે વાત સાચી તો ખરી કારણ કે ઊંચા પદ માટે આવશ્યક કૌશલ્ય - આવડત તેની પાસે નથી તેવું તેણે સ્પષ્ટ - ચોખ્ખેચોખ્ખું પોતાના ઈન્ટરવ્યૂ લેનારને તો કહ્યું જ હશે, સાર્વજનિક રીતે પણ કહ્યું! હવે તે જ્યાં નોકરી માટે જશે ત્યારે પહેલો પ્રશ્ન તેનાં કૌશલ્ય અંગે કરાશે. ઘણાના કિસ્સામાં તો આ પ્રકારની વાત જાહેર કરવાથી તે આખી જિંદગી તેનો પીછો નથી છોડતી. જ્યાં નોકરી માટે જાય ત્યાં બધે જ પૂછ્યા રાખે છે. આ કિસ્સામાં એવું પણ બને કે જે કંપનીની નોકરી તેણે નકારી તે કંપની ઉપરાંત બીજી કંપનીઓના લોકોના મનમાં પણ એવી છાપ ઊભી થાય કે વનેશ જવાબદારીથી ભાગે છે. તેને જવાબદારીવાળું કામ ન સોંપાય.

**એક યુવાને મહિને રૂ. ચાર લાખની નોકરી માટે ના પાડી દીધી તો બીજા યુવાને દોઢ લાખના પગારવાળી નોકરી છોડી દીધી. આ તરફ, સુરત, નોઇડા સહિત અનેક સ્થળોએ કર્મચારીઓ હડતાળ-પ્રદર્શન કરી રહ્યા છે. કારણ શું છે?**

નોકરી નકારવાનો બીજો કિસ્સો જરા જુદો છે. દિલ્લીના ૨૪ વર્ષના ચિરાગ મદને પ્રતિ વર્ષ રૂ. ૧૭ લાખ (એટલે કે મહિને લગભગ દોઢ લાખ રૂપિયા)ના પેકેજવાળી નોકરી છોડી દીધી. ના, વનેશની જેમ ચિરાગનું નોકરી માટે છોડવાનું કારણ જવાબદારી માટે તૈયાર ન હોવું અથવા કૌશલ્યનો અભાવ નથી. ચિરાગ માટે કારણ છે - અંગત જીવન અને નોકરી વચ્ચે સંતુલન. વર્ક-લાઈફ બેલેન્સ.

નોકરી માટે જાહેરખબરમાં એવું લખાયું હતું કે સવારે નવથી સાંજના પાંચ વાગ્યાની નોકરી છે. પરંતુ ચિરાગ નોકરીમાં જોડાયો તેના થોડા જ સમયમાં, કાર્યનો સમય વધારીને સવારના નવથી રાતના સાત કરી નખાયો. સપ્તાહમાં બે દિવસ રજા મળતી હતી. તેના બદલે છ દિવસ કરી નખાઈ.

ચિરાગે વિડિયો ક્લિપમાં કહ્યું કે નોકરી છોડવાનો નિર્ણય તેણે આવેશમાં આવીને નથી લીધો, પરંતુ સમજી વિચારીને લીધો છે. તેણે કાર્યસ્થળે જે સંસ્કૃતિ હતી તેનું વર્ણન પણ કર્યું છે. કર્મચારીઓને કામનો ભાર પૂર્ણ કરવા માટે ભોજન દસથી પંદર મિનિટમાં લઈ લેવા દબાણ કરાતું હતું. બીમારી માટે રજા લેવી એ ખૂબ અઘરી બની ગઈ હતી. બીમારી માટે રજા લેવી હોય તો વિસ્તૃત સ્પષ્ટીકરણ આપવું પડતું હતું. આથી વગર તપાસે આરામ કરવો અસંભવ થઈ જતું હતું.

આ ઉપરાંત વધુ પડતું ઊંચું લક્ષ્ય અપાતું હતું. કર્મચારીઓને ૧૦ કરોડ રૂપિયાના સોદા પૂરા કરવાનું કામ અપાતું હતું. જો લક્ષ્ય પૂરું ન થાય તો દબાણ વધતું જતું હતું અને કાર્યપ્રદર્શનની સતત સમીક્ષા થતી હતી.

આના પર પણ લોકોના પ્રતિભાવ આવ્યા. એક વ્યક્તિએ કહ્યું કે “મેં ઍક્સિસ બૅન્કની નોકરી ૨૩ વર્ષની વયે જ છોડી દીધી. હવે હું એસબીઆઈમાં બૅક ઍન્ડ રૉલ પર કામ કરી રહ્યો છું. અહીં પણ વાતાવરણ બહુ સારું તો નથી જ, પરંતુ ઓછામાં ઓછું, ખોટી રીતે વાયદાવચન કરીને મારે વેચાણ નથી કરવું પડતું.”

બીજાએ કહ્યું કે “મેં પણ આવી એક નોકરી છોડી દીધી હતી. કંપનીવાળા ગ્રાહકો વિશે વિચારતા નથી. બસ, ગમે તેમ કરીને તેમના ગળામાં માલ પધરાવી દેવા માગતા હોય છે. ત્યાં સુધી કે ગ્રાહકોને ખબર પણ નથી હોતી કે તેમણે શું ખરીદ્યું છે અને તેમનું મૂડીરોકાણ ક્યાં થઈ રહ્યું છે.’

આ વાત માત્ર બૅંકિંગ કે ફાઈનાન્સિયલ ઈન્સ્ટિટ્યૂટની નથી, એકંદર કંપનીઓમાં આ જ વાતાવરણ છે. તાજેતરમાં નોઇડામાં કર્મચારીઓએ હડતાળ કરી. પોલીસ પર પથ્થરમારા સુધી વાત પહોંચી ગઈ. આવા પ્રદર્શન પછી તેમનો પગાર વધારાયો. પોલીસ તપાસમાં મુખ્ય આરોપી તરીકે રૂપેશ રાયનું નામ આવ્યું છે જે ડાબેરી સંસ્થા સાથે જોડાયેલા હોવાનું કહેવાય છે, પરંતુ આ મુદ્દાને ડાબેરી-જમણેરીમાં ખતવીને હાથ ખંખેરી નાખવાથી તે ઉકેલાવાનો નથી.

કામદારોને વર્ષોથી આ કૂદકે ને ભૂસકે વધતી મોંઘવારીમાં મહિને માત્ર રૂ. ૧૦,૦૦૦થી લઈને રૂ. ૧૫,૦૦૦ મળતા હતા! બિહારમાં, આપણે ત્યાં સુરતમાં, માનેસર અને પાનીપતમાં આવાં પ્રદર્શનો થયાં છે. પગાર ઉપરાંત રજા, કાર્યસ્થળે પીવાનું અને શૌચાલયમાં પાણી, જમવા માટે બેસવાની જગ્યા, જમવા અને ચા પીવા માટે વિરામ સહિત અનેક બાબતો કર્મચારી અને કામદારો માટે મહત્ત્વની બની રહે છે.

આ બધું જ્યારે માથા પરથી જાય ત્યારે નોઇડા અને અન્ય જગ્યાએ થયું તેવું પ્રદર્શન થાય. લોકો હવે નોકરી ઉપરાંત અંગત જીવનને પણ પ્રાધાન્ય આપતા થયા છે.

અનુસંધાન પાના એકનું

## બહુશ્રુત

બંનેમાંથી કોઈપણ અભિગમ એ મહિલાઓને કામ નથી લાગવાનો જેમને અપ્રેઝલ માટે રોજા રાખવાનું કહેવામાં આવ્યું હતું. નાસિકમાં જે થયું તેની હકીકતોની તપાસ કરી બરાબર દંડ ફટકારવો જોઈએ, એમાં કોઈનાય રાજકીય ચશ્માની જરૂર નથી. બંન્ને વિચારધારાઓ માટે પોતાની ધૂન અગત્યની છે નવ FIR નોંધાવેલી મહિલાઓ નહીં. આપણો દેશ, આપણી માનસિકતા અહીં જ ગોથું ખાય છે.

ધર્મને નામે ફેલાવાતી ગંદકી મોટો પ્રશ્ન છે જ, અપરેઝલ માટે રોજા રાખવા કહેવું કે ક્રિસમસમાં બાળમંદિરમાં સાન્તા ક્લૉઝ બનીને ગયેલાં બાળકો જોઈને ત્યાં ધમાલ કરી દેવી કે હનુમાન જયંતી નિમિત્તે મસ્જીદની બહાર જઈને હનુમાન ચાલીસા વગાડવી કે પછી બીફ ખાવાનું દબાણ કરવું, બધું જ ખોટું છે. પણ TCSની ઘટના કોરર્પોરેટના ટોક્સિક ઉકરડાની એક ઝલક માત્ર છે એવું યાદ રાખવું પણ જરૂરી છે. એવું ઘણું ય થાય છે જે ક્યારેય બહાર નથી આવતું. નાસિક ઘટનામાં અંડરકવર કામ કરનારી આ યુવતીઓના પ્રયત્નો એળે ન જાય તે જોવાની ફરજ આપણી સિસ્ટમની છે, આપણા તંત્રની છે. •

અનુસંધાન પાના એકનું

## મન કા સિતાર

મારીને શેકી ખાઈ ઓડકાર ખાવા ટેવાયેલો છે. એમ આવો નરસંહાર એને સમયની અનિવાર્ય જરૂરિયાત લાગે છે. મોતની મિજબાની માણી રહેલા આવા કહેવાતા વૈશ્વિક ધુરંધરોને ગોળીએ દેવા જોઈએ કે નહીં? તમને થશે કે આવો હિંસક વિચાર મારા જેવા મૃદુ હૃદયના માનવીને ના આવવો જોઈએ. તમારી આ સંવેદનશીલતાને હું બિરદાવીશ પણ સાથે જ આપણા ઋજુ હૃદયના કવિ સુન્દરમ્ ની ભાષામાં કહીશ કે -

**ઘણુંક ઘણું ભાંગવું, ઘણ ઉઠાવ મારી ભુજા!**
**ઘણુંક ઘણું તોડવું, તું ફટકાર ઘા ઓ ભુજા!**
**નવસર્જન કરવું હશે તો જીર્ણશીર્ણને ભાંગીને ભુક્કો કરવું જ રહ્યું!**

આપણે ટ્રમ્પ છાપ સવાઈ હિટલરોના દાસ બનીને સમૃદ્ધિમાં આળોટવાનું પસંદ કરીશું કે ગાંધીજીની જેમ એમની જોહુકમીને આપણી અંતર્નિહિત સાત્ત્વિક શક્તિથી પડકારીને એ તામસિક વૈભવનો બહિષ્કાર કરી આપણી ગરીબીનું ગૌરવ કરીને દુનિયા સામે છાતી કાઢીને જીવવાનો વિકલ્પ સ્વીકારીશું? આજે ઈરાનને અણુશક્તિ બનતું અટકાવો એવી રાડારાડ કરનાર અમેરિકા ભારતને પણ ક્યાં નહોતું નડ્યું ? એને ન તો ઈંદિરા ગાંધીએ ગણકારેલું કે નહોતી અટલબિહારી વાજપેયીએ એની શરમ ભરી. ઈરાન કે ભારત અણુશક્તિ સંપન્ન દેશ બને એ અમેરિકાને ના જ ગમે. એને જગત જમાદાર તરીકે બધાને દબાવીને દાદાગીરીપૂર્વક રહેવું છે. એટલે એણે ઘાટ રાખીને રશિયાના ટુકડા કરાવી દીધા હતા એ સર્વવિદિત છે. એ ફરીથી બેઠા થઈ રહેલા રશિયાની અદેખાઈ કરે છે અને એની સામે શિંગડાં ભરાવવાની તાકાત ધરાવતા ચીન સામે ઝેર ઓકતું રહે છે.જેણે એની માનસિક શરણાગતિ સ્વીકારી લીધી એને એ પોતાના સંરક્ષણની બાંયેધરી આપે છે અને જે પોતાની સાર્વભૌમ સત્તા જાળવી એની સાથે સમાન સ્તરે સંબંધ રાખવા માગે છે એવા દેશોને ડરાવી, લલચાવી, ફોસલાવી,પટાવીને અંતે પોતાના ખંડિયા પ્રદેશોમાં ફેરવીને જંપે છે.વળી આ બધું એ લોકશાહીના પ્રખર હિમાયતી અને એક માત્ર રક્ષક તરીકે કરતું રહે છે.અમેરિકાની અડધોઅડધ પ્રજાને એના નેતાઓનો આ અહંકાર કઠે છે છતાં એ ચુપચાપ એમના રાષ્ટ્રવાદી અભિગમને જીરવી રહી છે. ઈરાન ઈસ્લામિક રાષ્ટ્ર છે એમ ખાડીના દેશો પણ એ જ વિચારધારાને અનુસરે છે. પણ અમેરિકાની આર્થિક સમૃદ્ધિના એ આંશિક સહભાગી છે. અમેરિકાના લશ્કરી એકમો પોતાની ભૂમિ પર પગદંડો જમાવી વિરોધી દેશો પર હુમલા કર્યા કરે એમાં એમને વાંધો નથી.સામે પક્ષે અમેરિકા એમની સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં સહયોગ કરે છે અને એ રીતે એ રાજાશાહીમાં રાચતા શેખો નિરાંતે મોજથી રાજ કરે છે. આ અદ્દલ બ્રિટિશ સરકારની કૂટનીતિ જેવો જ કારસો છે. આપણાં દેશી રજવાડાં પાસેથી અંગ્રેજ સરકારે એ જ કૂટનીતિ અપનાવીને સૈન્યશક્તિ ખતમ કરી દીધી હતી. રાજા બાદશાહ નિશ્ચિંત બની ભોગવિલાસમાં લિપ્ત રહ્યા અને દેશ બસો વર્ષ સુધી અંગ્રેજની ગુલામી વેઠતો રહ્યો. ભાન થયું ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. ૧૮૫૭નો બળવો શમાવવામાં પણ અંગ્રેજ સરકારને કેટલાંક દેશી રજવાડાંએ જ મદદ કરી હતી. ગ્વાલિયરના સિંધિયા, ઈંદોરના હોલકર કે મૈસૂરના રાજા ફૂટી ગયા હતા અને આખરે દિલ્હીના બાદશાહને કેદ પકડી રંગૂનમાં મરવા મજબૂર કરાયા હતા તો વળી બળવાના બીજા નંબરના સૂત્રધાર નાનાસાહેબ પેશ્વાને ભાગીને સિહોરમાં સંતાવું પડ્યું હતું. પડતા ઉપર પાટું મારતા હોય એમ રાજવફાદારી દર્શાવવા આપણા દેશના દલપતરામ જેવા પહેલી હરોળના કવિએ બ્રિટિશ તાજની પ્રશસ્તિમાં કવિત્ત રચ્યાં હતાંઃ

**દેખ બિચારી બકરીનો પણ કોઈ ના જાતાં પકડે કાનઃ**
**એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન!**

લગભગ આવી જ મનોદશા અમેરિકાની સુરક્ષાવ્યવસ્થા હેઠળ પોતાની જાતને સલામત ગણતા આરબ દેશો તથા આપણા પાડોશી દેશની છે. પાકિસ્તાન એની પતનોન્મુખ પરિસ્થિતિમાં પણ સમાધાનકારી વચેટિયાની ભૂમિકા ભજવીને અમેરિકાને વહાલું થવા મથે છે અને પહેલા દોરની મંત્રણામાં ઈરાને મચક નહીં આપી હોવા છતાં ‘ફીલ્ડ માર્શલ’ આ કૂટનીતિના મેદાનમાં પાછી પાની કરવા તૈયાર નથી. આવી ગુલામીની માનસિકતા ધરાવતા દેશોની સરખામણીમાં ઈરાન ધાર્મિક સરમુખત્યારીની અવાંછનીય શાસન વ્યવસ્થા હોવા છતાં એના વટ, વચન અને વેરની ભૂમિકા પર મૂઠી ઊંચેરા રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત થઈ શકે.એને નષ્ટભ્રષ્ટ કરવા કૃતસંકલ્પ ઈઝરાયેલ દુનિયાની નજરમાં દુષ્ટતા અને ધૃષ્ટતાનો પર્યાય બની ગયું છે.ઈરાન ખોટું હોય તો પણ એની અણનમ રહેવાની જીદ દાદ માગી લે છે. એની પાસે અમેરિકા અને એના આશરે જીવતાં બગલબચ્ચાં સામે ઉગામવા માટે હોર્મુઝ જળમાર્ગ એ જ એક અમોઘ હથિયાર બચ્યું હોય ત્યારે એની પાસે ઉદાર અભિગમની અપેક્ષા રાખવામાં ઔચિત્ય ખરું? મને તો દુનિયાને અમેરિકાની ડંફાસ અને દાદાગીરી સામે ચીન અને રશિયાનું વલણ વધારે ઔચિત્યપૂર્ણ લાગે છે.આખરે એક માથાભારે દેશની જોહુકમી વેઠવી એ કરતાં એક મંચ પર આવીને ભારત,ચીન, રશિયા અને ઈરાને એને એની હેસિયતનો અહેસાસ કરાવી દેવામાં જ શ્રેય છે.સામે ચાલીને અમેરિકાએ આવા પાડોશીધર્મના પાલનની તક આપી છે એ વિના વિલંબે ઝૂંટવી લેવાની જરૂર નથી શું?તમે શું માનો છો? •